ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૫ ટકા

# સિવિલમાં કિમોથેરાપી સેન્ટર આરંભાશે

## કેન્સર પિડીત દર્દીઓને અઠવાડીયામાં મંગળ અને ગુરુવારના રોજ કિમોથેરાપી આપવામાં આવશે, એક સાથે ૧૦ દર્દીઓને થેરાપી આપવાની સુવિધા ઉપલબ્ધ થશે, સિવિલમાં આધુનિક સુવિધાથી સજ્જ સ્પેશયલ યુનિટ ઉભુ કરાશે

ગાંધીનગર, તા.૨૯

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. તાવથી માંડીને કિડની સુધીની સારવાર વિનામુલ્યે સિવિલમાં ઉપલબ્ધ છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં હવે આધુનિક ટેકનોલોજીથી સજ્જ કિમોથેરાપી સેન્ટરનો પણ પ્રારંભ થશે. સિવિલમાં જિલ્લાકક્ષાનું પ્રથમ કિમોથેરાપી સેન્ટર બનવા જઈ રહ્યું છે. જેમાં એકસાથે ૧૦ દર્દીઓને કિમોથેરાપી આપી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે. જયારે અઠવાડીયામાં મંગળવાર અને ગુરુવારના રોજ દર્દીઓને કિમોથેરાપીની સારવાર આપવામાં આવશે.

રાજયમાં વિવિધ જિલ્લામાં ૧૨ નવા કિમોથેરાપી સેન્ટર ઉભા કરવામાં આવશે. જેમાં પાંચ જીએમઈઆરએસ હોસ્પિટલ તેમજ સાત જનરલ હોસ્પિટલનો સમાવેશ થાય છે. જેમાં ગાંધીનગર, સોલા, લીંમડી, દાહોદ, મોરબી, અમરેલી, જુનાગઢ, હિંમતનગર, વલસાડ, સુરત, પાલનપુર અને સિધ્ધપુરનો સમાવેશ થાય છે. આ સુવિધામાં દર્દીને પ્રથમ કિમોથેરાપી જીસીઆરઆઈ ખાતે આપવામાં આવશે. ત્યારબાદ અન્ય બાકીના કિમોથેરાપી જિલ્લા સેન્ટર પર આપવામાં આવશે. જેમાં દર્દીની હિસ્ટ્રી, સારવારની વિગત, તમામ રીપોર્ટ, દવાઓ સહિતની ફાઈલ તૈયાર કરીને જીસીઆરઆઈ દ્વારા તૈયાર કરીને જે તે હોસ્પિટલને આપવામાં આવશે. જેને અનુલક્ષી જિલ્લાકક્ષાના કિમોથેરાપી સેન્ટર ખાતે હાજર રહેલા ફિઝીશીયન, મેડીકલ ઓફિસર અને સ્ટાફ નર્સને સરળતા રહે. જયારે કિમોથેરાપીની સારવાર માટે આવનાર દર્દીને પહેલા બ્લડ ટેસ્ટ તેમજ સારવાર આપવામાં આવશે. તમામ રાજય સરકારના આરોગ્ય વિભાગ તરફથી તમામ સારવાર વિનામુલ્યે આપવામાં આવશે. આ કિમોથેરાપી સેન્ટરનું સંચાલન જિલ્લા એનસીડી સેલ અને જીસીઆરઆઈ દ્વારા કરવામાં આવશે. ગાંધીનગર સિવિલમાં ટુંક સમયમાં કેન્સર પિડીત દર્દીઓ માટે આ સેન્ટરનો પ્રારંભ થશે. આધુનિક આઈસોલેશન વોર્ડમાં ૧૦ દર્દીઓને સારવાર મળી રહે તેવી જોગવાઈ કરવામાં આવશે.જેના માટે અલગથી તાલિમ પામેલ સ્ટાફની ભરતી કરવામાં આવશે. જયારે આ કિમોથેરાપી સેન્ટરથી જિલ્લાના દર્દીઓને ઘર આંગણે સારવાર મળી રહેશે.







એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં બાળકો ભગવદગીતાથી પરિચિત થાય તે હેતુથી પ્રેરણા ટ્રસ્ટ દ્વારા નિરમા કોલેજના પ્રાધ્યાપિકા છબી મેડમ તેમજ પુજા મેડમે ધોરણ ૭ અને ૮ ના વિદ્યાર્થીઓ સમક્ષ ભગવદગીતાના મહત્વ વિષે પ્રવચન આપ્યું હતું.

# કચ્છ કાઠીયાવાડ સેવા સમાજ દ્વારા ઓરિએન્ટેશન શિબિરનું આયોજન

શ્રી કચ્છ કાઠીયાવાડ સેવા સમાજ ગાંધીનગર દ્વારા રાજપૂત વિદ્યાર્થી ભાઈ બહેનોને જણાવવામાં આવે છે કે પીએસઆઈ, ડીવાયએસઓ, ડે.મામલતદાર, જીપીએસસી કલાસ-૧ અને ૨ (પ્રિલીમ્સ)ની સ્પર્ધાત્મક પરીક્ષા માટે શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજના સેકટર-૧૭ સ્થિત કાર્યાલય ખાતે પ્રથમ ઓરિએન્ટેશન શિબિરનું આયોજન તા.૩૧ ડિસેમ્બરને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે રાખવામાં આવેલ છે. જેમાં કોર્ષની વિગતવાર માહિતી અપવામાં આવશે તો સર્વે રાજપૂત ઉમેદવારોએ સમયસર હાજર રહેવા સંસ્થાના કાર્યાલય મંત્રી જશવંતસિંહ ગોહિલ દ્વારા અનુરોધ કરાયો છે.

# મહર્ષિ અત્રિ તપોવન શાળાનો રમતોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર - મહુડી માર્ગ પર પીંપળજ ગામ પાસે આવેલ મહર્ષિ અત્રિ તપોવન શાળામાં આજે સવારે ૧૬મો વાર્ષિક રમતોત્સવ યોજાયો હતો. જેમાં કબડ્ડી, ખોખો, વોલીબોલ, લીંબુ ચમચી સહિતની રમતો યોજાઈ હતી. આ રમતોત્સવમાં શાળામાં વિવિધ વર્ગમાં અભ્યાસ કરતા ૫૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગાંધીનગર શહેરથી માત્ર ગણતરીના અંતરે આવેલ મહર્ષિ અત્રિ તપોવન શાળામાં આજે ૧૬મો શિયાળુ રમતોત્સવ યોજાયો હતો. જેમાં ટ્રસ્ટ્રી ભરતભાઈ ઠુમ્મર અને અન્ય આમંત્રિત મહેમાનો દ્વારા દિપ-પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટ્રી ભરતભાઈએ બાળકોને પ્રેરણાદાયી પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. જયારે શાળામાં અભ્યાસ કરતા ૫૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ કબડ્ડી, ખોખો, વોલીબોલ, લીંબુ ચમચી, કોથડાદોડ, સ્લો સાયકલ, રેસ, દોડ, ઉંચી કુદ, લાંબી કુદ, રસ્સાખેંચ, સંગીત ખુરશી, ત્રિપગી ચાલ સહિતની રમતો બાળકોએ મનભરીને માણી હતી. આ રમતોત્સવ નિહાળવા વિદ્યાર્થીઓના વાલીગણ અને અન્ય વિદ્યાર્થીઓ સહિત શાળા પરિવાર હાજર રહ્યો હતો. જયારે વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહન ઈનામ પણ આપવામાં આવશે. જયારે સમગ્ર રમતોત્સવમાં નિર્ણાયક ભુમિકા શાળામાં અભ્યાસ કરતા ધો-૧૦ના વિદ્યાર્થીઓએ નિભાવી હતી.



# સે-૧ થી ૪માં ૧૦ કિલો પ્લાસ્ટીક જપ્ત

## ૫૦૦ જેટલા પ્લાસ્ટીકના પતંગો પણ જપ્ત : પ્લાસ્ટીક પતંગો ફરી વેચાણ માટે ન લાવવા કડક સૂચના



મહાનગર પાલિકાના પ્લાસ્ટીક વિરોધી દળ દ્વારા આજે સતત બીજે દિવસે પણ જાહેરમાં સપાટો બોલાવવામાં આવ્યો હતો. સેકટર-૧થી ૪માં શોપીંગ સેન્ટરોમાં દરોડા પાડી ગેરકાયદેસર પ્લાસ્ટીક બેગના પેકેટસ પકડી પાડી વેપારીઓને કડક સુચના આપી દેવાઈ છે કે હવેથી પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગનો ઉપયોગ કરે નહીં.

પ્લાસ્ટીક વિરોધી દળના અધિકારી મહેશ મોડ દ્વારા આ કામગીરીનો ચાર્જ સંભાળ્યાને સતત બીજા દિવસે પણ દુકાનોમાં દરોડા પાડી પ્લાસ્ટીક બેગના ચેકીંગ હાથ ધરવામાં આવ્યા હતા. શહેરના સેકટર-૧, ૨, ૩, અને ૪ વિસ્તારના શોપીંગ સેન્ટરમાં મહેશમોડની ટીમોએ દરોડા પાડી ૧૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કર્યો છે તે ઉપરાંત પ્લાસ્ટીક પતંગ અને ચાઈનીઝ દોરીનું ચેકીંગ પણ શરુ કરવામાં આવ્યું છે. આજે ૫૦૦ જેટલી પ્લાસ્ટીકની પતંગો વિવિધ વેપારીઓ પાસેથી જપ્ત કરી લઈ પ્લાસ્ટીક પતંગો વેચાણ માટે ફરી ન લાવવા કડક સુચના આપી દેવામાં આવી છે.



# શહેરમાં ઠંડીનું પ્રમાણ ઘટ્યુ

## રાજ્યભરમાં ઠંડીનું પ્રમાણ આંશિક ઘટતા રાહત : ગાંધીનગરમાં ૧૧.૩ ડિગ્રી જ્યારે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૭ ડિગ્રી રહ્યું

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં ઠંડીમાં નજીવી રાહત અનુભવાઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૧.૩ ડિગ્રી અને મહત્તમ ૨૮ ડિગ્રી રહેતા નગરજનોએ ગઈકાલ કરતા ઠંડીમાં રાહત અનુભવી હતી.

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ઠંડીના પ્રમાણમાં આંશિકરીતે ઘટાડો નોંધાયો છે જેથી લોકોને પણ રાહત થઈ છે. લઘુત્તમ તાપમાનમાં ગઈકાલ કરતા આંશિકરીતે વધારો થયો છે. જો કે, હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થશે નહીં. જેથી સ્થિતિ પણ યથાવત રહેશે. અમદાવાદમાં આવતીકાલે લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રીની આસપાસ રહી શકે છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૧.૭ ડિગ્રી રહ્યું હતું. જો કે, રાજ્યમાં સૌથી ઓછુ તાપમાનમાં આજે વલસાડમાં ૯.૬ ડિગ્રી રહ્યું હતું જ્યારે નલિયામાં ૯.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. રાજ્યમાં ઠંડીના

પ્રમાણમાં એકાએક ઘટાડો નોંધાયો છે. ઉત્તરાયણ સુધી ઠંડીમાં હજુ પણ વધુ ફેરફારની સ્થિતિ જોવા નહીં મળે તેવી શક્યતા છે. ક્રિસમસના પર્વ ઉપર જેટલી ઠંડીનો અનુભવ સામાન્ય રીતે થાય છે તેટલો અનુભવ થયો નથી. વર્તમાન સિઝનમાં નિષ્ણાત તબીબો દ્વારા ખાસ કરીને બાળકોને સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે.



# આજે મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા મેગા અંતાક્ષરીની ફાઈનલ

ગાંધીનગર, તા.૨૯

મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરમાં આયોજીત મેગા અંતાક્ષરીની ભવ્ય ફાઈનલ સ્પર્ધા તા. ૩૦ ડિસેમ્બરને શનિવારે રાત્રે ૭-૦૦ વાગ્યાથી ગાંધીનગર ટાઉન હોલ ખાતે યોજાશે.

યુવાનો અને મહિલાઓના વિકાસ અને માર્ગદર્શન માટે કામ કરતી શહેરની બિન વ્યવસાયિક જાણિતી સંસ્થા મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરમાં સૌ પ્રથમવાર મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા યોજાઈ રહેલી મેગા અંતાક્ષરી સ્પર્ધાને ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો છે. સ્પર્ધાનો સેમી ફાઈનલ રાઉન્ડ તા.૨૭/૧૨/૨૦૧૭ને બુધવારના રોજ યોજાઈ ગયો. શ્રી ખીમજી વીસરામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે યોજાયેલ સેમી ફાઈનલ રાઉન્ડ અત્યંત રસપ્રદ બની રહ્યો. સેમી ફાઈનલ રાઉન્ડમાં ચાર રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. જેમાં દરેક રાઉન્ડમાં ૧૨ ટીમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૫૧ ટીમો વચ્ચે યોજાયેલી રસાકસી ભરી સેમી ફાઈનલ સ્પર્ધા પછી ૮ ટીમો ફાઈનલ સ્પર્ધા માટે ક્વૉલીફાય થઈ છે. એક એકથી ચઢિયાતી આ આઠ ટીમો વચ્ચે મેગા અંતાક્ષરીની ફાઈનલ સ્પર્ધાના રસપ્રદ રાઉન્ડ યોજાશે, જે પ્રેક્ષકો-શ્રોતાઓ માટે પણ મનોરંજક અને રોમાંચક બની રહેશે.

ગાંધીનગર શહેરમાં પ્રથમવાર વિસ્તૃત ફલક પર યોજાનાર આ સ્પર્ધામાં સામેલ થવા અને અંતાક્ષરી સપર્ધાના માધ્યમથી પૂરા થતા વર્ષને સંગીતમય રીતે આનંદપૂર્વક વિદાય કરી નવા વર્ષને હર્ષોલ્લાસથી વધાવવાના અવસરને ઝડપી લેવા અને રસપ્રદ અંતાક્ષરી માણવા ગાંધીનગરના નાગરિકોને જાહેર આમંત્રણ છે.

# જય અંબે પરિવારના શકિત ચોકમાંથી પર્યાવરણ બચાવ સાયકલ યાત્રા

ગાંધીનગર, તા.૨૯

પ્રવર્તમાન સમયમાં વધી રહેલા પ્રદુષણને અટકાવવા વૈશ્વિક અભિયાનના ભાગરૂપે શ્રી આરાસુરી અંબાજી માતાના દેવસ્થાન ટ્રસ્ટના માર્ગદર્શન અને ભાદરવી પુનમે અંબાજી જતા પદયાત્રીઓના વિવિધ સંઘોના સહકારથી શ્રી ભાદરવી પુનમીયા સંઘ દ્વારા બાવન સાયકલ યાત્રિકો ગાંધીનગરથી અંબાજી સુધી ૧૫૨ કિમીની સાયકલ યાત્રાનો પ્રારંભ તા. ૩૧મી ડીસેમ્બરના રોજ ગાંધીનગરના શ્રી જય અંબે પરિવારના પવિત્ર શકિત ચોકમાંથી આમંત્રિત મહેમાનો, સુસંસ્કૃત નગરજનો અને શ્રી જય અંબે પરિવાર-ગાંધીનગરના પરિવારજનોની હાજરીમાં ‘પ્રદુષણ અટકાવો અને પર્યાવરણ બચાવો’ના વિચાર અભિયાન સાથે પ્રસ્થાન કરશે.

આગામી પોષી પુનમ તા. ૨-૧-૨૦૧૮ને મંગળવારના પવિત્ર દિવસે શ્રી જય અંબે પરિવાર-ગાંધીનગર દ્વારા આયોજિત શ્રી જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત અન્નકૂટ, રકતદાન શિબિર ભકિતવંદના અને સમુહ સ્વાધ્યાયનો લાભ લેવા પણ ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને શ્રી જય અંબે પરિવારના લલિતકુમાર પટેલ તથા વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

## વાતવાતમાં

● ચૂંટણીઓ સંપન્ન થયા બાદ સરકારી કર્મચારીઓમાં રજાનો માહોલ જોવા મળી રહ્યો છે. ડિસેમ્બર મહિનો અંતિમ અને રજા ભોગવવાના અંતિમ દિવસોની અસર પણ કચેરીઓમાં વ્યાપક જોવા મળી રહી છે.

● ગાંધીનગર શહેરમાં ફાલ્સીફેરમ મેલેરિયાના છુટાછવાયા કેસો મળ્યાની ચર્ચા જાગી છે. સે-૫, ધોળાકુવા અને સે-૩માંથી કેસો મળ્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. જો કે તંત્ર મેલેરિયા અને ડેનગ્યુના કેસોમાં ઘટાડો થયો હોવાનું જણાવી રહ્યું છે.

● ગાંધીનગર શહેરમાં ઠંડીનું વાતાવરણ જામતાં શિયાળુ વસાણાના બજારમાં ઘરાકી જોવા મળી રહી છે. તલની ચિકી અને સિંગની ચિકીમાં નવી વેરાઈટીઓના આગમન સાથે ઘાણીનું કચરિયુ પણ નગરજનોના આકર્ષણનું કેન્દ્ર બની સારી એવી ખરીદી કરતા નજરે પડે છે.

# આજે કડવા પાટીદાર યુવક મંડળનો રજત જયંતિ મહોત્સવ

ગાંધીનગર, તા.૨૯

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળના ૨૫ વર્ષ પૂર્ણ થતા હોઈ આ નિમિત્તે ‘રજત જયંતિ મહોત્સવ’ કાર્યક્રમ તા. ૩૦મી ડીસેમ્બરના શનિવારે બપોર બે વાગે ડૉ. આંબેડકર હોલ સેકટર-૧૨ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. આ નિમિત્તે યુવક મંડળના સભ્યોનો સન્માન સમારોહ, સાંસ્કૃતિક કાર્યક્રમ, હાસ્ય ડાયરાનું આયોજન કરેલ છે તેમ પ્રમુખ કીર્તિભાઈ ગોગારી અને મંત્રી હિતેશભાઈ સાંખલાએ જણાવેલ છે.

# ડૉ. કુસુમબેન યાદવને બેસ્ટ રીસર્ચ પેપર પ્રેઝન્ટેશનનો એવોર્ડ

ગાંધીનગર, તા.૨૯

ભાભા નેશનલ એકેડેમી ગુજરાત સંલગ્ન યુનિટ ઓફ રામન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેન દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઈનોવેટીવ પ્રેકટીસ ઈન એજયુકેશન ઉપર મધ્યપ્રદેશની ધ એમરલ્ડ હાઈટસ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈન્દોર ખાતે તા. ૨૧ અને ૨૨ ડિસેમ્બરના રોજ યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ. કોલેજના એચ.ઓ.ડી. ડૉ. કુસુમબેન યાદવે leveraging the quality of education through technology rich Innovative Learning Environment વિષય પર પેપર પ્રેઝન્ટ કર્યુ હતું. જેને બેસ્ટ રીસર્ચ પેપર તરીકેનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

# વાલ્મિકી સમાજના આંદોલનને સમર્થન

ગાંધીનગર, તા.૨૯

ફિલ્મ અભિનેતા સલમાનખાન અને શિલ્પા શેટ્ટીએ વાલ્મિકી સમાજ માટે કરેલ ટીપ્પણી કરતાં વાલ્મિકી સમાજમાં રોષ વ્યાપેલ છે. વાલ્મિકી સમાજ જે આંદોલન ચલાવી રહેલ છે તેને ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર સમર્થન આપે છે તેમ એસોસીએશનના પ્રમુખ ભાનુકાન્ત પરમાર તથા, મહામંત્રી વિરચંદભાઈ પરમારે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. સુરેન્દ્રપાલસિંહ, ઉ.વ. ૪૮
- સ્વ. વાઘેલા શંકરજી મગનજી, ઉ.વ. ૯૩
- સ્વ. ભટ્ટ ગીરજાબેન પોપટલાલ, ઉ.વ. ૯૩